
# 2. છપ્પા



**અખો**

**સમય : ઈ.સ. ની સત્તરમી સદી**

અખો જ્ઞાની કવિ. અમદાવાદ પાસેનું જેતલપુર એમનું મૂળવતન. એમણે સમાજમાં ધર્મને નામે ચાલતા દંભ, પાખંડ અને વહેમો ઉપર તથા સમાજના સ્વાર્થી, સંકુચિત, મૂર્ખાઈ ભરેલા આચારવિચારો ઉપર છપ્પા દ્વારા તીખા તમતમતા પ્રહારો કર્યા છે. સચોટ દૃષ્ટાંતો સાથે એમના છપ્પામાં અનુભવ અને સચ્ચાઈનો રણકો સંભળાય છે. એમની વાણી જોમભરી અને હૃદય સોંસરી ઊતરી જાય એવી છે.

જીવનમાં એક પછી એક થયેલાં સ્વજનોનાં મૃત્યુ, ધર્મની બહેન જમનાએ સોનાના હાર સંબંધી ઉઠાવેલી શંકા તેમજ ટંકશાળના ઉપરી તરીકે હલકીધાતુ ભેળવવા અંગે તેમના પર આવી પડેલા આળને કારણે તેઓ એકાંતપ્રિય, ગંભીર તેમજ વૈરાગી થઈ ગયા હતા.

અખાનો જન્મ અમદાવાદ પાસેના જેતલપુરમાં થયો હતો. તેમના પિતાનું નામ રહિયાદાસ હતું. આ કવિ કેટલોક સમય અમદાવાદની ટંકશાળમાં ઉપરી બન્યા હતા.

'પંચીકરણ', 'અખેગીતા', 'અનુભવબિન્દુ', 'ગુરુ-શિષ્યસંવાદ', 'ચિત્તવિચારસંવાદ' તેમની જાણીતી રચનાઓ છે. છપ્પા તો અખાના જ. છપ્પા દ્વારા સામર્થ્ય અને ગૌરવ પ્રગટ કરતી તેમની ભાષાને કારણે અખાનું સ્થાન ગુજરાતી સાહિત્યનાં હમેશા મોખરે રહેશે.

સંસ્કૃતમાં મૂળ શબ્દ ષટ્પદ હતો. ષટ્ એટલે છ અને પદ એટલે ચરણ. સંસ્કૃતના પંચમ્ પછી આવતા ષટ્નું હિન્દી રાજસ્થાની, ગુજરાતીમાં છહ, છેહ, છ થયું છે. હજાર વરસ પહેલાંની આપણી ભાષામાં છપ્પઅ એવો શબ્દ ષટ્પદ ઉપરથી થયેલો મળે છે. એ છપ્પઅનું ગુજરાતીમાં છપ્પા અથવા છપ્પો થયું.

એટલે છપ્પામાં એક કડીમાં છ પદ અથવા છ ચરણ હોય. આ છ ચરણ પૂરાં થાય એટલે એક છપ્પો પૂરો થાય. છપ્પાની મુખ્ય ખાસિયત અથવા લક્ષણ એ હોય કે ભાવ, વિચાર, લાગણીને ચમત્કારિક અથવા અસરકારક બનાવવા ઉપમા, દૃષ્ટાંત, રૂપક જેવા અલંકારનો અથવા કટાક્ષનો ઉપયોગ થાય છે. ક્યારેક શબ્દોની ચોટ વાગે, છપ્પાનાં છ ચરણમાં દરેક બે ચરણના અંતના શબ્દોનાં ઉચ્ચારણ સરખાં થતાં હોય. દા.ત. 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.' - આ બે ચરણના અંતના 'ટેવ' અને 'દેવ'નાં ઉચ્ચારણ સરખાં થાય તેથી તેને પ્રાસાનુપ્રાસ કહેવાય. છપ્પામાં એ હોય છે.

ગુજરાતી સાહિત્યમાં માંડણ, અખો અને શામળના છપ્પા જાણીતા છે.

પહેલા છપ્પામાં જ્ઞાન અથવા સમજણનું મહત્ત્વ સમજાવ્યું છે. સમજ વિનાની ભક્તિ અંધશ્રદ્ધા બની જાય. અંધ હોય તે દેખે નહીં એમ સમજ વિના સત્ય સમજાય નહીં અને દંભી, પાખંડી, ઢોંગી સાધુ-સંતને ગુરુ કરી બેસે. આવા ગુરુ પોતે અજ્ઞાની હોવાથી અંધારામાં અથડાય તે શિષ્યને રસ્તો શું બતાવે ? માટે જ્ઞાનીને ગુરુ કરવાથી તે જગતના કણકણમાં ઈશ્વરનાં દર્શન કરાવી શકે.

બીજા છપ્પામાં, પરમેશ્વર એક હોવા છતાં જુદા જુદા સંપ્રદાય તેને અલગ માની-મનાવી ભ્રમ ફેલાવે છે તેની વાત કરી છે. લોકો અગ્નિને મૂકી તેના ધુમાડાને જ ઈશ્વર માની લે છે તેનું ઉદાહરણ આપ્યું છે.

ત્રીજા છપ્પામાં અનેક દેવોની પૂજા કરનારાની ઠેકડી ઊડાડી છે. ભગવાનને પથ્થર માનીને પૂજનારા કરતાં, પથ્થરમાં શ્રદ્ધા રાખી તેને પૂજનારા શ્રદ્ધાના બળે જ ઈશ્વર મેળવી શકે તેની વાત તે કરે છે.

---

## 1

જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જ્યમ ચક્ષુહીણો જ્યાંહાં ત્યાંહાં અથડાય,
તે માટે જ્ઞાની ગુરુ કરો, જે હરિ દેખાડે સભરે ભર્યો.
પણ અખા જે ગુરુ ન જાણે એમ, તે શિષ્યને શું આપે નેમ ?

## 2

એક પરમેશ્વર ને સઘળા પંથ, એ તો અળગું ચાલ્યું જંથ,
જેમ અગ્નિ અગ્નિને સ્થાનકે રહ્યો, અને ધૂમાડો આકાશે ગયો,
પણ અળગો ચાલ્યો તે ક્યમ મળે ? એમ સહુ અવળા વળે.

## 3

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,
એ અખા વડ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ?

## ટિપ્પણ

**ચક્ષુહીણો** - આંખ વગરનાં **સભરે ભર્યો** - સંપૂર્ણ રીતે ભરેલો **નેમ** - હેતુ, લક્ષ્ય, અહીં-જ્ઞાન **સઘળા** - તમામ, બધા **પંથ** - સંપ્રદાય **જંથ** - ટોળું **અળગું** - અલગ, દૂર **ઉત્પાત** - મુશ્કેલીમાં મૂકે તેવું વર્તન, વિનાશકારી વર્તન **વડુ** - મોટો

## રૂઢિપ્રયોગ

**અવળા વળવું** - ખોટા માર્ગે જવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. શાના વિના ભક્તિ ન થઈ શકે ?
2. જ્ઞાન મેળવવા માટે શું કરવું જોઈએ ?
3. અખો કોને મૂરખ ગણાવે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. કેવા ગુરુ આપણને હરિનાં દર્શન કરાવી શકે ?
2. ઢોંગી ગુરુઓ પર કટાક્ષ કરતાં અખો શું કહે છે ?
3. ભક્તને ક્યાં કારણોસર ઈશ્વરપ્રાપ્તિ થતી નથી ?

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવ સ્પષ્ટ કરો :**

1. ‘એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ’

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. અગ્નિ અને ધુમાડાનું ઉદાહરણ આપી અખો શું કહેવા માગે છે ?
2. ગુરુ વિશે તમે શું માનો છો તે જણાવો.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

ચક્ષુ, પંથ, પથ્થર, પાન

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

જ્ઞાન, આકાશ, મૂરખ

**આટલું કરો**

1. અખાના જીવન વિશે શિક્ષક પાસેથી જાણકારી મેળવો.
2. અખાના છપ્પાઓનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
3. પ્રાર્થના સભામાં અખાના છપ્પાનું પઠન કરો.

•